પ્રેમ-કલા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

સુરત:—

વિકટોરિયા પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ

છાપ્યાં.

સને ૧૮૯૭ સંવત ૧૯૫૩

કીંમત રૂ૦-૨-૦

નાટકનાં પાત્રો.

પુરૂષ વર્ગ.

ગોહિલરાજ—ચીતોડનો રાજા.

પ્રેમરાય—તેનો કુંવર.

સરદારજંગ—ગોહિલનો સેનાપતિ.

માનુભા—પ્રેમરાયનો મીત્ર ગોહિલના મયત પ્રધાનનો પુત્ર.

શેખઅમીર—ચીતોડનો એક વેપારી.

હમીરસિંહ—ગોહિલના જુના નાયબ પ્રધાનનો પુત્ર, સરદારજંગનો સલાહકાર, મિત્ર.

કેપ્ટનબોઇડ—અજમેરનો પોલીટીકલ.

અજલમ—સરદારજંગનો એક નીચ મસલતીઓ.

વીદુષક—સરદારજંગની દરબારનો મશ્કરો.

ભીમો—હમીરનો નોકર.

શીતલ—રાજગોર.

દરબારીઓ, પ્રતિહાર, બ્રાહ્મણો, સિપાઇઓ, વગેરે વગેરે.

સ્ત્રી વર્ગ.

લક્ષ્મીબાઇ—ગોહિલની રાણી.

કલાવતી—માનુભાની બ્હેન, પાછળથી પ્રેમરાયની રાણી.

રંભા—હમીરસિંહની પુત્રી, પાછળથી માનુભાની સ્ત્રી.

નુરજહાં—શેખઅમીરની ઓરત.

ગંગા }
નાનુ } વીદુષકની છોકરીઓ.

દાસીઓ, વારાંગનાઓ, વગેરે વગેરે.

પ્રેમ-કલા

નાટકનો ટુંક સાર

અંક ૧ લો.

ચિતોડના રાજ મેહેલમાં ઉછરેલી અને નિરંતરના પરિચયથી કુમાર પ્રેમરાયના પ્રેમ પાશમાં પડેલી ગોહિલ રાજના એક મયત સરદારની પુત્રી, કલાવતી શંકરનાં દર્શન કરવા આવે છે. કલાવતીની મોહિનીથી મોહિત થએલો ગોહિલ રાજના મયત પ્રધાનનો પુત્ર હમીરસિંહ, જો કલાવતી પોતાને વરવાની હા પાડે તો તેના હાથ માટે રાણી લક્ષ્મીબાઇ પાસે માગણી કરવાની આશા રાખતો હતો તે એકાંત શંકર મંદિરનો લાભ લઇ કલાવતીની સમ્મતી પુછવા આવેલો, પણ જ્યારે તેણે જાણ્યું કે કલાવતી તો રાજાના પુત્ર પ્રેમરાયને ચહાય છે અને તેમના સંબંધ માટે રાજ્યમાતાની સંમતી પણ મળી ચુકી છે, ત્યારે તે ક્રોધથી ક્રૂર અને નીચ બની જાયછે અને કલાવતીપર જુલમ ગુજારવા જાયછે, પણ કલાવતીની ચીસથી મંદિરના પાછલા ભાગમાં ફરતા ધસી આવેલા પ્રેમરાયને હાથે ઘાયલ થાયછે. ખબર મળતાં દોડતો આવેલો કલાવતીનો ભાઇ માનુભા પોતાની બ્હેનપર નીચ હુમલો કરવા જનારને, કુમારના હુકમથી કેદમાં લઇ જવા માંડેછે. પુજનને માટે આવેલી હમીરની પુત્રી રંભા પોતાના પીતાની દુર્દશા જુએછે, તેની દુષ્ટ કરણી સાંભળેછે. પિતાની દુષ્ટતાથી શુદ્ધ કુળમાં કલંક લાગશે એ ભયથી તે ધ્રુજે છે અને તેમાંથી બચાવવા માનુને વિનવે છે. બાળાની સરલતા જોઇ તેને ખાતરજ માનુ તેના પિતાને છોડી જાયછે. આજે બે કાર્ય બન્યાં, ગોહીલ રાજ્યના નાશની સુરંગ ખોદાઈ અને તેનીજ સાથે તેના પુનરોદ્ધારનું બીજ ઉંડું રોપાયું.

ભલા ગોહિલરાજે એકદમ ઉંચી પાયરીપર ચડાવેલા દુષ્ટ સેનાપતિ સરદારજંગને રાજ્ય લોભ ઉત્પન્ન થાયછે તેથી સૈન્યના પગાર માટે લીધેલાં નાણાં હજમ કરી, પગાર મેળવવાને મિષે સૈન્ય પાસે બળવો કરાવવાની વેતરણ કરેછે. કુમાર પ્રેમરાયને એ વાત જણાતાં તે આપેલ નાણાંનો હીસાબ મા

ગી સરદારજંગ સાથે તકરાર કરેછે. ખોદાયલી સુરંગમાં આ
દારૂ ભરાયલો તેમાં અંગારી મુકાઈ અને ગોહિલ રાજ્ય એક
ભડાકા સાથે ઉડી જાયછે. કચેરીમાં પોતાને માથે મુકાયલો
અપરાધ યુક્તિસર ઉડાવી ભોળા ગોહિલરાજને ભમાવે છે,
એટલે સુધી કે ગોહિલરાજ બધું ભુલી સરદારજંગને ઘેર
જલસામાં જવા કબુલ કરેછે. હવે સરદારજંગ ને હમીર મળી
કુમારને પકડવાનું અને રાજાને તે સાથેજ મારી નાંખવાનું
તરકટ રચેછે. અને તે મુજબ, ગભરાયલો કુમાર પોતાનો
ખાનગી મહેલ સોદાગર શેખઅમીરને ત્યાં ગીરવી મુકી સૈ
ન્યને પગાર ચુકવી આપવા માનુભાને મોકલી, મધુરી કલા
સાથે જરા વિનોદ કરેછે, ત્યાં આવી સરદારજંગ તેને ઉપાડી
જાયછે. આ તરકટની સરદારજંગના દીકરા બાપુસાહેબને
ખબર પડતાં તે પિતાને શીખામણ આપેછે પણ ત માનતો
નથી તેથી બાપુસાહેબ શેહેર છોડી જાયછે.

રંભાએ પોતાના પિતા તથા સરદારજંગ વચ્ચેની તરક
ટી વાત સાંભળેલી તેથી તે ભયની ખબર આપવા પોતાના
નોકર ભીમાને માનુભા પાસે મોકલે છે પણ પાછળથી ભીમા
નો ભરોસો ન પડવાથી જાતેજ જઈ માનુભાને મળે છે સર્વ હ
કીકત જાણતાં તથા બગીચામાંથી પ્રેમરાય પકડાતાં મુર્છિત
થયેલી કલાને માળી મેહેલમાં લાવેછે તેને જોતાં, માનુ બળી
ઉઠેછે અને સરદારજંગને ત્યાં ગયેલા રાજાને ચેતાવવા દોડે છે.

ભીમો અંતે નાચની બેઠકમાં જાયછે પણ મુર્ખાઈથી
જાહેર પડી જાયછે અને ચીઠી હમીરના હાથમાં જાયછે જે પુ
ત્રીની એ ચાલથી તેનાપર બહુજ ગુસ્સે થાયછે. થોડા વખત
માં માનુ દોડતો આવેછે પણ તેજ વખત એ નીચ નાચનારી
ઓનાં ખંજરનો ભોળો રાજા ભોગ થઈ પડેછે. સરદારજંગ
ના હુકમથી શેખઅમીરનું ઘર લુંટાય છે તેની સ્ત્રી નુરજહાં
રાજ તરફ નીમકહલાલ નીવડી શેખઅમીર કેદ પકડાતાં ફકી
ર બની ચાલી જાયછે. અને રાણી, માનુભા કલાવતી વગેરે સર
દારજંગ અંતઃપુરપર ચડી આવતાં એક ખાનગી ભોંયરા વાટે
નાસી જાય છે.

અંક ૨ જો.

સરદારજંગ ગાદીએ બેસેછે. આનંદ સાથે તેને તકરાર કરી અજમેર અંગ્રેજો પાસે ચાલ્યા ગયેલા પુત્રના વિયોગથી ખેદ થાયછે. રાજુ નામના એક માણસને બાપુસાહેબને સમ જાવવા મોકલેછે. બાદ નાસી ગયેલાં રાણી, માનુ વગેરેને પક ડવા, હમીરને હુકમ કરેછે હમીર કાળીકાના પહાડ તરફ નીક ળ્યો. તળેટીમાં પોતાની પુત્રી રંભાને જોઇ લુચ્ચાઇથી તેની પા સેથી રાણીની સંતાવવાની જગા જાણી લઇ તેને પકડી લેછે. બાદ કાળીકાના પહાડ તરફ જાયછે. ઘર વિનાની થઇ પડેલી નુરજહાં ઓચીંતી કાળીકાના પહાડમાં આવતાં રાણીને જોઇ જાયછે પણ તેજ વખતે હમીરને માણસો સાથે આવતો જોઇ રાણી કલાવતીને ભયથી ચેતાવી નાસવા કહેછે. પરંતુ માત્ર રા- ણીજ નાસી છુટેછે અને નુરજહાં, કલાવતી, તથા રાજ્યનો વફાદાર નોકર શીતલ કેટલાએક બ્રાહ્મણો સાથે પકડાઇ જાયછે. હમીર તેમાંથી કલાને પોતાને ઘેર છુપાવી બાકીનાંને સરદારજંગ પાસે રજુ કરેછે, જ્યાં કુમાર સુદ્ધાં તમામપર જુલમ ગુજરેછે.

અહીં હમીરને ઘેરથી કલાવતી લાગ જોઈ આગલા ઓ રડામાં આવી રંભાને છોડવે છે બન્ને આશ્રય લેવા અજમેર માં અંગ્રેજો પાસે જવાનો વિચાર કરી નાસી જાયછે.

હમીરે ભીમાને રંભાની ચીઠી લઇ જવાના વાંક માટે કાઢી મુકેલો તે કાળીકાનાં તળેટીમાં માનુ રંભા ગમ્મત કરતાં હતાં ત્યાં આવી પહોંચી, તેમને કુમારને છોડાવી આપવાનું વ ચન આપી નોકરી રહ્યો હતો તે, કામ ફત્તે કરવા પોતાના ભા ઇબંધ વિદુષકને ત્યાં આવેલો છે જેની પાછળ પાછળ માનુ આવે છે. અહીં ગંગા કુમારને છોડાવવાનું પોતાને માથે લે છે અને ગંગા નાયકાના તથા ભીમો બજવૈયાના વેશથી હ મીરને ત્યાં જાય છે. જ્યાં કુમાર વગેરે સર્વને કેદ રાખેલા છે. ગંગાના લાવણ્યની લહેમાં ભાન ભુલી હમીર સર્વ પાસવાનો ને કંઇ કંઇ બહાને દુર કરે છે, એટલે ત્રણે જણાં મળી તેને દબાવે છે ને બાંધી કેદીઓને છોડાવવા અંદર જાય છે. હમીર છુટી જઇ ધારતીનો માર્ગો સર્વને બાળી નાખવાની મતલબથી મહેલજ સળગાવી દે છે. છુટેલાં પ્રેમરાય, નુરજહાં ને શીતલ તથા છોડાવનારાં સર્વ ભયમાં આવી પડેછે. પ્રેમરાય, હીમ્મત

થી આગમાં ઝંપલાવે છે જેનો દાખલો જોઇ સર્વે પાછલ કુદી પડે છે અને નિર્વિઘ્ન બહાર નીકળી જાય છે. હવે બીજો કોઇ ઇલાજ ન હોવાથી અંગ્રેજોની મદદ માગવા અજમેર તરફ સર્વે નીકળી જાય છે.

અંક ૩ જો.

સરદારજંગ અને બાપુ સાહેબ વચ્ચે રાજુએ પાછુ સમાધાન કરાવ્યું પણ કેટલીએક ગુંચવણને લીધે બાપુસાહેબ હજી અજમેરમાંજ રહેતો, ને અંગ્રેજોની હીલચાલની ખબર, પોતાના રાજ્યની સરહદપર રાખેલા રાજુ મારફત બાપને મોકલાવતો. એવી કંઈ ખબર આપવા બાપુસાહેબ એક રાત્રે રાજુની ઝુંપડીએ આવેછે એટલામાં નાઠેલાં પણ રસ્તાના અજાણ્યાં કળાવતી ને રંભા ત્યાં આવી પહોંચેછે. બાપુસાહેબની નિદ્રાનો લાભ લઇ લુટારો રાજુ આ બન્ને બાળાઓને લુટવાનો યત્ન કરેછે પણ બાપુસાહેબ ધાંધલથી જાગૃત થઇ તેમને બચાવી, તેમની ઇચ્છા જાણી, તેમને અજમેર તરફ લઇ જાય છે. રસ્તામાં એક પહાડી ખીણમાં તેમને સળગેલા મહેલમાંથી નાઠેલા કેદીઓ પાછળ પડેલો હમીર જુએછે; અને પોતાની સાથેના નોકર અજલમને તેમને પકડવા કહેછે આ વાત પતિ વિરહે અજમેરમાં ન સહેવાતાં પાછી ફરેલી નુરજહાં સાંભળેછે. અજલમના કારી જખમથી બાપુને બચાવેછે. ગભરાયેલો અજલમ આ કામ પોતાને હમીરે શીખવ્યું હતું એમ બાપુના બાપ સરદારજંગ પાસે કહી દે છે. આણીમેર હમીર અંગ્રેજ છાવણીમાં કેપ્ટન બોઇડે આપેલા બોલમાં પ્રેમરાય, ભાનુ, કલાવતી, રંભા વગેરે સર્વને જોઇ પોતાના રાજા પાસે પાછો ફરતાં રસ્તામાં રાજ્યમાતાને મળી છેતરી સરદારજંગ પાસે પકડી લાવેછે, પણ તેથી સરદારજંગને સંતોષ નથી થતો. હમીર ફરી હામ ભીડેછે ને અંગ્રેજ છાવણીમાં જાયછે, પણ વનિતા વિલાસી તે પ્રેમરાયને પકડવાનું મુલતવી રાખી કળાવતીના ઓરડામાં ધસેછે, પણ અહીંતો રંભા અને નુરજહાંએ યુક્તિથી મેળવેલાં પ્રેમરાય અને કલાવતી બન્નેછે. પ્રેમરાય બહાર આવેછે અને પકડાઇ જાયછે. ગડબડ સાંભળી કેપ્ટન, નુરજહાં, રંભા સીપાઇઓ સાથે ધસી આવેછે અને રંભાની

સુચવણી મુજબ એકદમ હમીરની પાછળ ચીતોડ તરફ રવાના થાયછે. ખાનગી રીતે જતાં નુરજહાં સાથે જાયછે જેને રંભા બાપુસાહેબના નામનો રૂમાલ આપેછે. બાપુસાહેબ રંભા કલાવતીને રાજુ પાસેથી છોડવ્યા પછી રંભાપર મોહિત થયેલા, વાતચીત થતાં રંભાની એક ટેક જોઇ છક થઇ તેને બ્હેન માની બાપુસાહેબે તેને અણીને વખતે વાપરવા પોતાના નામનો ઉપર લખેલો રૂમાલ આપેલો. નુરજહાંને એ રૂમાલ વાપરવાનો વખત તુરતજ આવેછે. હમીર હવે સરદારજંગ પાસે તેના મોટામાં મોટા દુશ્મન પ્રેમરાયને રજુ કરે છે. હમીરે આજ સુધી સખત મુસીબત વેઠી, કાળાં ધોળાં કરી કરેલી નોકરી બદલ સરદારજંગ હવે ઇનામ આપેછે; હમીરને ઠાર મારી નાંખેછે. સરદારજંગ રાણીની નજર આગળ તેના વ્હાલા પુત્ર પ્રેમરાયનો ઘાત કરવા જાયછે. આ વખતે એકાએક આવી પહોંચેલી નુરજહાંની પિસ્તોલ તેને એ પાપમાંથી બચાવી પરલોક પહોંચાડેછે. બાપુસાહેબ બાપનું મરણ જોઇ સામો થાયછે પણ રૂમાલ તેને ધસતો અટકાવેછે અને વચને બાંધ્યો ભલો બાપુસાહેબ લાચાર થઇ બધું જોયા કરેછે.

ગોહિલ વંશને એક તરફ જ્યારે આનંદનો સમય આવતો જણાયછે ત્યારે બીજી ગમ. અંગ્રેજી લશકરના પાછલા ભાગમાં, વિક્ષેપનાં ચિન્હ નજરે ચડેછે. પતિના ભાવીના ભયથી ફફળતી કલાવતીને રંભા આશ્વાસન આપતાં બાપુસાહેબસંબંધી બનેલી વાત કહેછે. માનુ એ સાંભળેછે. તેને રૂંવે રૂંવે આગ ઉઠેછે ને રંભાને મારવા જાયછે પણ બ્હેનના અટકાવથી ફીટકાર આપી ચાલવા માંડેછે. એટલામાં બાપના મરણથી શેહર છોડી જતો બાપુસાહેબ રંભા બ્હેનની રજા લેવા આવેછે અને બ્હેનનું ભલું ચાહેછે. કળાવતીએ પકડી રાખેલો માનુ એ સાંભળી પસ્તાઇ રંભાને બાપુસાહેબની ક્ષમા માગેછે અને બાપુસાહેબને આગ્રહથી જ્યાં પ્રેમરાયને રાજ્યાભિષેક થાયછે ત્યાં લઇ જાયછે. રાજ્યમાતાને હાથે પ્રેમ-કળાનો તથા રંભા માનુનો હસ્ત મિલાપ થઇ ગોહિલ કુટુંબનો પુનરોધ્ધાર સર્વત્ર આનંદ વર્તાવેછે.

પ્રેમ—કલા.

અંક ૧ લો.

૧

સ્તુતિ—નમું શીવજીને નેહે ધર મમતા,
હર હર વિઘ્ન સહુ ભજી. નમું.
ગંગાધારી શીર ધર્યો લલાટે ચંદ્ર આશ્રિતને
સુણ તું આ દીન અરજી. નમું.

૨

વિદુષક—લફ્લફ્ લાપસીના કોળીઆ
હાં હાં કરી વન્સમોર બોલીઆ લફ્.
રૂમઝુમ ઠુમઠુમ કરી પગ ઠમકો ચલાવ્યો
વાહ વાહ કરી બસ લ્યો ડોલીઆ લફ્.
પ્રાણુથી પ્યારી વ્હાલી મારી ચુમ્બન મીઠડી દેતી જા
ટપટપ ટપ તાળીના બ્હાર છોડીઆ
ગાન સરસ કે તાન ચલાવે ઉંહ કરી બહારે દોડીઆ. લફ્.

૩

[illegible]—વિશ્વાસે ગયું રાજ ચીતોડનું નૃપ ગોહિલનું ખુન થયુ
લુણ ચોર સરદારજંગના હાથમહીં એ તાજ ગયુ
કર્યો કેદ કુમાર પ્રેમરાય રાણી રાને રખડતી કરી
અન્ય રાજ આશ્રિતો સાથે લેશ દયા નહીં ઉર ધરી
હમીર માજી વજીર પુત્ર પરણી પ્યારે નીજ ધર્મ તજી
સરદારની સ્હાયે ઉભો, રહી પુત્રી એની રાજ ભજી
રંભા નૂરજહાં શેખઅમીર કલાવતી માનુ એક ટેકી થઇ
સુખ દુઃખમાં સંગાથ રહી સ્થાપ્યુ રાજ અગ્રેજ સ્હાય લઇ
સત્ય તણો જય થયો આખરે પાપી હાથ પછાત પડયા

જેવી જેની કરણી તેવાં યોગ્ય ઇનામ સહુને મળશે
પરસ્ત્રી પ્યારે વિશ્વાસે ને અસંતોષથી થતી ખ્વારી
મિત્ર ભાવના વફાદારી સેવકની દર્શાવી સારી

૪

સૂત્રધાર—કુમયપતિને બદલે નિજ પતિ નિરખી શરમાઈ આલી
પ્રેમથી આકર્ષાતી પ્રેમ-કળાની માધુરી જો વ્હાલી

૫

સખીઓ—ઉભીરે ઉભીરે ક્યાંરે ચાલી આલી
કલાવતી—છોડને છેડો શું?
સખીઓ—જો જો રસીલો તું
મુખ હસતું મલક મલક વળી બને લજાળી-ઉભીરે
કલાવતી—શું સતાવો?
સખીઓ—લઇ ચાલો
કલાવતી—ના લજાવો શરમાઓ
સખીઓ—વાહ વાહ વાહ વાહ
કલાવતી—જા જા જા
પ્રેમરાય—પ્રેમઘેલી રસવેલી અલબેલી પ્રિય મેલી
જા ન વ્હાલી તું. ઉભીરે.

૬

કલાવતી } જય દેવ જય દેવ
સખીઓ } જય શંકર ભોળા પ્રભૂ (૨)
અખિલ વિશ્વ તેં સ્થાપ્યું-જય શંકર. જય
આરતી સહુ મળી ગાઇએ આશિષ તુજ ચાહીએ (પ્રભુ)
આશ્રિત ચરણુ તણુાની રહેજે તું સ્હાયે—જય દેવ
સ્નેહે તાત સમરીએ વિભૂ અમ કર ધરીએ (પ્રભુ)
સુધર્મ માર્ગ વિચરીએ ભવ સિંધુ તરીએ—જય દેવ

૭

કલાવતી—આરાધું અવિનાશ શંભુ સુખદા આશા પૂરી તું કરે
દે દે સુવરદાન મહાન મહીમા વિશ્વે પીતા તું ધરે
ઇચ્છી નાથ કુલીન લીન થઇને બાળા સ્તુતી આદરે
દાતા દે સુખ શાન્તિ ભ્રાન્તિ હરી લે સાહાય તું આપરે

૮

હમીરસિંહ—ના ના નહિ ધિક્કાર રસીલી
ભર જોબન શું હાર હઠીલી
રસિક રસ ન પા ધારી પ્યાર—નાના.
મદમાતી મૂરખ ના થાતું, ચિત્ત ચેરી નહિ ઉડી જા તું
તીરછી નજરથી વીંધ્યો મુજને માર ન દે ઔષધ ઉગાર—રસીલી ના

૯

પ્રેમરાય—પ્રિય મારી સુંદરી
ઉઠ પ્રાણ સુતી કેમ આજ રોષ ધરી—પ્રિય
તન શિથીલ આ શાન્તિ વિસારી
હાય દશા તારી દુઃખીયારી
બોલ બોલ જરી મ્હેર કરી—પ્રિય

૧૦

માનુભા—મોહિની મધુરી
શી રમણિની? ચમકતી દમકતી જાણે વીજળી બાળા શરી—મોહિની
રગ રગ જોબન રંગિત ખીલી રહ્યું શું?
સુંદરી મદભરી મનહરી
હૃદય નજર ઘાવ એ મારી ચાલી મીઠી મારી નૂરી—શી

૧૧

પ્રેમરાય—વાહરે પ્રભુ સ્હાય ખરે
જગદાધાર કૃપાળ દયાળ તું
જગતે સબળ વિભૂ સ્હાયક તું
પ્રભુજી પ્રભુજી વિઘ્ન દૂર કરે—વાહરે
તુજ ધન્ય લીલા ઉગરી અબળા
દીધો શુભ પ્રસંગ અદભૂત કળા
તારી તેં પ્યારીને દુષ્ટ નિવારીને બાળ વિચારીને
દીનોદ્ધારક તું દુઃખ હરે—પ્રભુ

૧૨

સરદારજંગ—ચલ ચલ હટ હટ બુજદીલ નટખટ
યેહ ઉમંગ યેહ તરંગ હો કમીનોકે સંગ બેદીરંગ હોગા તંગ
યેહ સરમારી હિમ્મત મારી જારેજા જારેજા જારેજા ઝટપટ—ચલ

[illegible]મરાય—જા જા હજાર જા ધિક્કાર છે પાપી તને
જાળ શું બીછાવી હા હા હા ગયો ફાવી
મદભર અંધ સમજ મન જટ
જા જા તજી કટકટ જા જા હઠ શઠ જાણી ખટપટ-ચલ

વારાંગના— ૧૩
રોકો માંડે ગેલવા મએ કેસે ભરૂં પનીઆં
અધર સુધારસ બીન બજાવત
ગ્વાલ બાલ લીએ સંગ આવત
કહા ન માનત નંદ મેરકા
ઘર ઘર માખન ખાત ફીરત
અએસો રી નીડર બરજોરી રનીઆં—રોકો

[illegible]હિલરાજ— ૧૪
નથી મને જરા શંકા ન તું કાં ગભરાય નાહક મુંઝાય પ્રાણુથી પ્યારા
તું છો મુજ જીવન હાર છું હું વશ તારા
આ રાજ કાજ સુખ તજીને સમાજ ધરી દીલ દાઝ ટેક ધારીને
વિસરૂં શી રીતે આજ સ્નેહ મારીને
લેવચનવફાદારીનું દઉં હું તુજને છોડછોડ ભાઇ તું વે'મ ભેટી લે મુજને
મુજસેનાપતિસરદારઆણીનેપ્યારભ્રાન્તિવિસારશાન્તિદેનારા-તું છો
૧૫
[illegible]મરાય—બચ્ચાજી ઓ અરે તું જો હવે શો રંગ જમાવું છું.
બતાવી જોર ઉતારી તોર કેવી હું ધુળ ઉડાડું છું
ભાષણુ તારૂં તરકટ વાળું જોઇ બળી હું થાઉં ખાખ
બસબસ મારૂં અંતરખારૂં બાળી તુજને કરશે રાખ-બચ્ચાજી

[illegible]મીરસિંહ— ૧૬
કરો આવા વિચાર શું ઘડી ઘડી
આ શું ઘડી ઘડી બ્હીક છે શું નડી ?
છોડો નાદાની હેવાની જુઓ ભીતિ આવી પડી કરો.
વિચારો ન મારો પ્રજાળો ઉખાડો
અરે કરો હાર પાર એ પાપીનો ગર્વ ચીરો
શુરવીર રણુધીર ભારૂ ન બનો લગીર
ભલે આવે ચડી બીક છે શું નડી. કરો.

[illegible]ભા— ૧૭
કુમતિ સુધારો મનને મારો કુળને વિચારો બાપુ જરા
કલંક ધરો શું થઇ નરવર ઘાતકી
પર નારી બાળ ધારી ઘો વિસારી આ કુમતિ

બહુ વગોવાશો ગાળો ખાશો પસ્તાશો હડધુત બહુ થાશો
સમજો સમજો કિર્તી આ ડુબાડી
પાપ ભરો દુઃખ વરો ઘો વિસારી આ — કુમતિ

[illegible]ભા— ૧૮

જુલમીને કરૂં હું નિરાશ
તોડું જલ્દી એ પાપીનો ત્રાસ
આ ગરાજને તારાજ કરનારનો કરૂં હું જલ્દી બસ નાશ નાશ નાશ
ખટપટ કરી ફેંકી દઉં પટકી ભૂલે ખોડ જોડું તોડ આજે હું
ફંદી ફંદતે ફેલાવે ઉમેદો શું બર લાવે
કાપું બસ એ પાપીનો પાશ — બાળરાજ

કલાવતી— ૧૯

અકળ લીલા હરી કરી ન્યારી શી જવાહરે
બલિહારી બલિહારી બલિહારી રે—અકળ
વાડી ખીલી બેઠી ભાવે સખી વસંતથી મલકાઇ
જળ સ્થળ નગ નભની માંહે ફેલાઇ રહી નવાઇ—ન્યારી

કલાવતી— ૨૦

ભ્રમરીઆ ભ્રમરીઆ ભ્રમરીઆ ભ્રમરીઆ
ઉઠ ગમાર ધારી પ્યાર વાર વાર કરૂં પુકાર
આવ પ્રાણ સંગ માણ પ્રેમ લ્હાણ લે સુજાણ — ભ્રમરીઆ
કમળ ખીલ્યું ન આવ મૂર્ખ શું આવ્યો અભાવ
ચુમી પીલે રસ રંગ
તરસાવે,ટળવળાવે,કરમાવે,શું ના'વે રસ ભાવે ખીલાવે રંગ-ભ્રમરીઆ

૨૧

પ્રેમરાય——હાં હાં પ્યારી શ્રમ ન લે તુ
કલાવતી—ધુતારા ધુત વિદ્યા જાણી તારી સઘળી મેં
પ્રેમરાય——રે વાહ રે વાહ મને એવો ગણે તુ
કલાવતી—ચતુરાઇ ઝાઝી ના ચલાવ ચેતી ગઇ આ સોગો સઘળા
પ્રેમરાય——માફ કરી દે આમ કરે શું? હાં હાં
કલાવતી—ઠીક બનાવી ઠીક સતાવી વાહ વાહજી આ સાચો પ્રેમ
પ્રેમરાય——ઠીક ચલાવી ઠીક લગાવી યુક્તિ
કલાવતી—આપું શિક્ષા તેમ
પ્રેમરાય——કેમ હજુ નહિ કેશ ધરે તુ પકડીને દંત ત્રણ કરે તુ
એ હાથેથી દાબી દે તુ છાતી સાથે રાખીને તુ—ચતુરાઇ

૨૨

પ્રેમરાય—આતુલ શૃંગાર છો
કલાવતી—વાહરે વાહરે
હૈયાતણા હાર છો
પ્રેમરાય—વાહરે વાહરે
સંસાર સુખ છો વ્હાલી મારૂં તુ
કલાવતી—તું મુજ જીવન આધાર છો
પ્રેમરાય—વાહરે વાહરે
પ્રાણુ છબી શું ચીતરી
કલાવતી—વારૂં તન મન ધન
પ્રેમરાય—ભાગ્યોદય મારો થયો
કલાવતી—મળ્યું અમુલ્ય રતન
જન્મ સાર્થક મારૂં સર્વ પીયુ તું
પ્રેમરાય—જડાઇ આ હૃદય મોઝાર છો
કલાવતી—વાહરે વાહરે   અતુલ

૨૩

ભીમો—હું તો લટક ગટકથી ચાલીશ કરતી હજારો નખરા નાજ,
આંખ મારૂં સહુ રીઝાતું જુએ મારી સામું,
નામ રસીલી છબીલી પડશે રંગીલા ભીમાનું   હું તો
ઘુંઘટવાળી લટકાં કરતી નરમ પગલાં ભરતી,
ઘરવાળી મુજ ખાઝી પડશે વારી વારી કરતી   હું તો

૨૪

રંભા—કરો વિજય વિજય ભલે દોડો
ફોડો પાપી ગર્વ તોડો
ભાનુ—આભાર આ ભાર તારો ક્યારે હું ઉતારનાર
રંભા—ફરજ બજાવી નથી વિશેષ ન મૂકો ભાર
કરો આશા ભંગ એને
ભાનુ—બતાવું હું રંગ એને મન અધીરૂં જાળ ચીરૂં
રંભા—દોડો રાજ છોડો—કરો

૨૫

બાપુસાહેબ—દુર હો અએ દીલ યારોંસે
પીદરસે કુલ ગમખારોંસે;
શેહેરકો હએ સલામ અપના
યેહ ઘરકો હએ સલામ અપના
બાગે જહાંસે ગુમ હુઇ બુએ વફા સારી
ગુલોંસે બુલબુલ હાએ કરે જગોઝદલ જારી   દુર

૨૬

સારંગના—રામારે મઞે તો પનીઆંકો ગઇ બડી દૂર
પનીઆંકો ગઇ બડી દૂર,—રામારે
અબઘટ ઘાટ હએ ઘટ સર ભારીરે
સાંજ પડે ઘર દૂર,—રામારે

૨૭

શીતલ—રંગ જમાવું મોજ ઉડાવું વાહવાહ વાહરે
બંદા ગવૈયા લાડુ ખવૈયા શૂરા લડવૈયા બહાદૂર ભૈયા—રંગ
અજમલ—હટ હટ પાજી
શીતલ—છોડ પતરાજી
અજમલ—ચુપ ચુપ ચુપ ચુપ
શીતલ—ગીડીનગ તક થઇ ગીડીનગ તક થઇ
અજમલ—હ હં હં રે
શીતલ—વાહ વાહ વાહરે—રંગ

શેખઅમીર— ૨૮

ગજબ બના હાયરે
ઉડગઇ જાન નગરકે જીસમસે કયું કર જીના ભાયરે—ગજબ
અમન ચએન સુખ બીખરા ઘરઘર જીગરકી આહસે બન્દેન્હજર કર
જગત કસોટી હએ જાનનજરધરકયાસુખીબરતરકયા દુઃખીકમતર
પલક મારે ફના જાયરે—ગજબ

શેરજહાં— ૨૯

મુજી હટ, ના લીપટ અએસી બતીયાં ન બક
બેસમજ બેધડક છોડ યેહ જીલ્મ ઝટ—મુજી
આ—જા—રી—કા
ખાલી હએ ઘર મુજી કુછ ચાકર મુજી
ખાલીકસે ડર મુજી સુના બીખર મુજી
ધુતકાર ધુતકાર પાવે નીસદીન પલછીન
દૂર કટ ઝટ દેખી યેહ ખટપટ ચુપ—મુજી

૩૦

લક્ષ્મીબાઇ—પ્રાણુથી પ્યારા ચક્ષુતારા ! બાળા મારાહાયકયાંગયો
નયન ફરકી મને અશુભ સૂચવે હાય પ્યારી કીધી મારી કુખ
તું ગયો—પ્રાણુથી
રળવળતી આ દુઃખી માતા હાય તે કરી વિધાતા
દુઃખના ભારા અગ્નિ અંગારા નાંખી ધારા—હાય

અંક ૨ જો.

૩૧

વારાંગના—યેહ કીસ્કી જુલ્ફકી નાગનને અએ દીલ માર ડાલા હએ
કે કોસોં તક મેરી તુરબતપે ફએલા કોડીયાલા હએ
જા બએઠા ઘર આપને તું કયા જાને સાર
આશક ચંગે કીન કીયે બીન દેખે દીલદાર
ગલા તલવાર પર આંખોંમેં આંસુ લબપે નાલા હએ
હવાસ અપને નહિં હએં જબસે હોશ ઉસ્ને સંભાલા હએ—યેહ
હમ દેખેં જગ જાત હએ જગ દેખે હમજાત
યેહી જગતકી રીત હએ એક આવત એક જાત
કબીતો હં સકે દો બાતેં અમાનતસે કરો સાહેબ
કહાંકા તુમને યેહ હરવકતકા ગુસ્સા નિકાલા હએ—યેહ

૩૨

વારાંગના—

પ્યારી પ્યારી સોહે ગુલકારી
ગુલકારી બાદાખ્વારી યેહ ખુમારી સરદારી—પ્યારી
ફુલે હએં સબ ગુલ શાદ હએ બુલબુલ
છાઇ હએ બાદે બહારી રે—પ્યારી
હએ ન્યારી ન્યારી રંગત સારી
પ્યારી હમારી તુમ્હારી રે. પ્યારી

૩૩

વારાંગના—હએ સરવર બરતર તું.
સરસ સરસ સબ રાજનમેં અફસર તું હએ
હએ શાહ આલા સબસે બાલા
તોરી દોહાઇ રહેગી સવાઇ સબ જગ છવાઇ
રહે તન મન ધનસે બહેતર તું.
હએ શાહ પ્યારા, સબસે તું ન્યારા,
આંખોંકા તારા, અઓર માહપારા, દાયમ રહો, કાયમ રહો.

* * * *

મઓલાકી મેહેરસે અમન ચમનસે
તોરા રાજ અમર રહો
તોરી દયાસે યે તોરી મયાસે યે
સુખ સબીકા મુબારીક હો, ગરીબ પરવર
સરવર દુઃખહર સુખકર કર ધર બડકર હએ તું. હએ

૩૪

લક્ષ્મીબાઇ—બહુ મુંઝાણી સુઝ પડે નહિ કાંઇ હવે હું શું કરૂં
હું ગભરાઉં દાદ પૂગે નહિ કોઇ અરે ધીર કેમ ધરૂં
મારો બાળક સંતાડી લીધો, મારા નાથ તણો હાય ઘાત કીધો
મને દેશવટો એણે દીધો—બહુ.
ગત વાત કદી હું વીસારૂં નાથ સ્વર્ગ ગયા ચિત્ત ધીર ધારૂં
મન બાળ વીના ટળવળે મારૂં—બહુ

૩૫

કલાવતી, રંભા, ભાનુ—
શોક ધરો માં માજીરે તમે શોક ધરો માં માજી
શોકધરોમાંમાજીરેથાઓસાવધછોડીઉદાસી-મા ધીરધરો
કરમ લખ્યા મા ના મટેરે કરીએ કોટી ઉપાય
ફોકટના કલ્પાંતથી કે ધીર તજે શું થાય—કહો મા ધીર
અંતર ભડભડ લ્હાય બળે મા કોથી નવ ઓલાય
ઇશ્વર સમરી યાચીએ ઉગારે તો ઉગરાય—પ્રભુજી ઉગારે

૩૬

શીતલ—હંફાવું ફસાવું ડરાવું હું જો જો તમે મારૂં જોર
શીતલ શીત ન જાણુવો ઉતારૂં એનો તોર
કેવી કાકી આ છે લકડી તોડી નાખું એની છકડી
પીંખી નાખું એની અકડી લાવું રુખળાને હું પકડી
બતાવું કે

ભાનુ—ચુપ તું રે
શીતલ—બતાવું કે
ભાનુ—ચુપ તું રે
શીતલ—બતાવું કે
ભાનુ—ચુપ તું રે—શીતલ

૩૭

રંભા—વાહરે વાહરે વાહરે ઠગારા ધુતારા ચોર
છુપી છુપીને લુચ્ચા ભમે શું !
ઠગાઇ જણાઇ છોડું નહિ જોયું જોર—વાહરે
ભાનુ—ચિત્ત ચોરી નાસે બાંધી રાખું પાસે ભમું તુજ વાંસે
હડી કયાં તું જાશી ફસી પ્રેમ ફાંસે બળાત્કારે મ્હારે
પુર કોડ—વાહરે

૩૮

ભાનુ—મીઠી સુંદરી તું મારી આ હૃદયે વસેલી રસીલી—મીઠી
છબીલી તું રસીલી તું રંગીલી તું છણકારી—સુંદરી
રંભા—વાહવા ઠગાઇ તારી જાણી ભોળી બિચારી આશા રહોને વિચારી
ભાનુ—વાહવા રસિક નારી અમીરસઝાર; પ્રેમ પ્રાણ દે પ્રસારી—મીઠી
નયન નચાવ પ્યારી જોબન ખીલાવ પ્યારી શાન્તિ છવરાવ પ્યારી
હૈયે લગાવ.
રંભા—તન મન ધન દઉં પ્રેમ પર સહુ વારી. સુંદરી.

૩૯

નુરજહાં—રબ ધર સુલતાની સુબહાની સુન ગ્યાની દીલજાની
હરહર રંગત દેખી માની ઉસ્કા રંગત હુએ લાસાની—સુલતાની
પંખ પંખેરૂ જીન અઓર આદમ દેત સભીકો વોહ દાનાપાની
માંગ ઉસીસે જો કુછ ચાહે હો જુગ જુગ દીલશાદ આસાની.

૪૦

અમીરસિંહ—તજ ફીકર જીગર મહીં વસેલી તું
અમન ચમન કર મોજ માંહી હર ફર
દુઃખ ન લગીર ધર ઝુરે આમ તું એલી શું! તજ.
સુકવે શું અલી મુખ કોમળ કમળ
રંગ પ્રાણ રસ ખાણ મનમાં તું નહીં બળ
દે પ્યાર શૃંગાર પ્રાણાધાર વિપત્ત બિસાર
સેવી પ્રેમી પ્રીત લઇ આનંદ માંહિ ઉછળ
વૈભવ ભોગવવાનો સોચ કરે ઘેલી શું! તજ.

૪૧

નુરજહાં—ના મીટી લાખ તદબીર કી, ખુબી તકદીરકી ના મીટી,
શઓહર હુવે કએદ મએં ફસ ગઈ યહાં કયા હુય તકસીરકી ખુબી
કઓન સુન યેહ કરમ કહાની, લાચારો દીલગીરકી ખુબી.

૪૨

નુરજહાં—કીજે ધ્યાન ગ્યાન દીલઆજારી શાનકી હુએ ખ્વારી.
માનો કહા શાહ માનો કહા.
સુલતાન જીશાન લાખોં પરેશાન જેરે જમી હો ગયે બેગુમાન.
સરદારજંગ—ચુપ ઓ નાદાન ધુત બેઈમાન બોલ ન જબાન,
વરના લુ જાન.
નુરજહાં—દીલઆજારી જગમે ખ્વારી લાતી હુએ હરઆન
સરસે ગીરાવે શાહ, કરદે જહાં તબાહ, હુએ યેહીનેક રાહ,
હો ન કભી ગુનાહ,
સરદારજંગ—જાના ઓ નાકારી બાજારી ધુત કારી ચીકની જબાન
દેખી તેરી સારી યેહ આન બાન—શાન.

૪૩

ખમ્મીર-જીનદાંને અલમમે માંડા તગોઠીર હમારી-તકદીર હમારી
સુનતા નહીં કોઈ ચાંહા બેપીર—હમારી તકરીર હમારી
ગુમ હો ગયે એક બારગી કુલ અએશ કે સમાં-જીનદાંમે હું હએરાં
હએ કઓનસી તકસીર કી તઅઝીર હમારી—તખસીર હમારી
અએ ચર્ખ તુજે ગરદીશે દઓરાંકી કસમ હએ-કરલેજો સીતમ હએ
છુટે ન કભી સબ્ધકી જનઝીર હમારી—જાગીરી હમારી.

૪૪

નાનું.	વીદુષક.
લંગર સોનાનાં પે'રું	ઓ બાપારે
લઉં હું સોનેરી સેલું	ઓ દાદારે
કાં કાં કાં કાં	હા હા હા હા
ક્યાં ક્યાં ક્યાં ક્યાં	આ આ આ આ
વાહ વાહ વાહ વાહ	જા જા જા જા
નાના હજી પુરૂં સાંભળી તો લ્યો	
હાર મોતી સરો	ના બ્હેન દશ પથરે હીરે જડયો
ભલે બનાવો ભલે ઉડાવો	કાં અરે નહીં રે નહીં બા
ઉં ઉં ઉં ઉં	છાનીરે છાની મારી નાનુડી
	માગ્યું તે સઘળું હું અપાશ
તો તો ઠીક તો તો ઠીક	હા હા હા હા લંગર

૪૫

ગંગા—
નખરેથી નચાવું
ભીમો—અરે વાહરે વાહ
ગંગા—લટકેથી લોભાવું
ભીમો—અરે વાહરે વાહ
ગંગા—નયનેથી નમાવું
ભીમો—અરે વાહરે વાહ
ગંગા—મોહ મંત્રે મનાવું
ભીમો—અરે વાહરે વાહ
ગંગા—લટક મટકથી ચટક લગાડું, પ્રેમ રંગ તણી ખટક ઠસાવું
ફંદથી ફોકટ ફંદી ફસાવું નફટ ઝપટ ઝપટી પટકાવું
મારી મોહ બાણુ, ખેચી લઊં પ્રાણુ—બસ હું નિર્વાણુ.
ભીમો—અરે વાહરે વાહ

૪૬

નાનુ—
હામ હારૂં ન. અસી કર ધારૂં હું અરી સહારૂં સંહારૂં સંહારૂં
પાણી પાણી પાણી શત્રુનાં રૂધીર પે'રાવું જંજીર હૈયું બળે મારૂં હારૂં-હામ
ચીનાવું ફસાવું ટવળાવું ભટકાવું ઝટકાવું પટકાવું

જંગ જંગ જંગ મચાવું
ખુન્નાવું ગાત્ર ટાળું કુપાત્ર ઠાર ઠાર મારૂ
પાપી વીદારૂં પ્રજા ઉગારૂં—હામ

૪૭

રંભા—જાઓ જાઓ જાઓ લજાઓ ન શું શરમાઓ રે—જાઓ
આમ સતાવો શું? આમ રીબાવો શું એમ ન ફાવો
શું પ્રેમ તજાવો—બસ જાઓ.
માનું હું માનું આધાર હૈયાતણા હાર હું એ ભજું,
હું એ સુખે સુખી હું એ દુઃખે દુઃખી ના ના કદી ન તજું
જાય વીંધાઈ આ દેહ તોયે શું તજું ના આ પ્રાણ જાય તોયે શું
શું આમ તાવો ન આમ ફસાવો—બસ જાઓ.

૪૮

કલાવતી }
રંભા } વીભૂ સ્હાય કરો, ધર્મી બાંહ્ય ધરો
પાપી પ્રાણ હરો, નેણે રોષ ધરો
પાસો ફર્યો બસ વિતક વીસરો—વિભૂ
કલાવતી—બસ ચાલો ચાલો ચાલો જલદી જઇએ
રંભા—બસ જુલમીની ખબર ઝટ લઇએ
કલાવતી—બસ દુષ્મન દળ દળી દઇએ
રંભા—પક્ષ ગોહિલનો વિજયી થઇએ
બન્ને—દગાખોરતણો તોર બસ ઉતારો દાબો જોર—બસ

૪૯

બાપુસાહેબ—કએસો બનબન આજ સોહાએ રહ્યોરે
રબ તોરી ગુલકારી દીખાએ રહ્યોરે
સરવ કહીં હએ કુમરી કહીં હએ
આલમ તોપે લુભાએ રહ્યોરે—કએસો
હએ કહીં લાલા બેલા અકેલા
તોરી ખુદાઈ જતાએ રહ્યોરે—કએસો

૫૦

રાજુ—રોમા રોમારે મારી બાપુડી રોમા તું ડાયલી
ઉજવી—મરની પીટયા સાનો રે
રાજુ—સાનો પીટયો હાનો રે
ઉજવી—જા કહીં સું કે યાં નો રે
રાજુ—આ તો તાલ મજાનો રે
ઉજવી—હાયરે બાપજી
રાજુ—હાય હાય

ઉજવી—કાળ મુખા તુ
રાજુ—હાય હાય
ઉજવી—મોઢું તારૂં બાળ મુવા તું મારી હામું જો મા-રોમા

૫૧

ગંગા—બીછડે નાહી મીલે, કએસે ધરૂં મન ધીર—બીછડે
જબસે ગયે મોરી સુદ્ધ હુ ના લીની નેના પરત મોરે નીર-બીછડે

ગંગા—

૫૨

ગુન ગાઊં સલોને સઇયાંકા
તન મન નીસારૂં જીયા જાન વારૂં—ગાઊં.
(સાખી)
દીલ મેરા જીસ ગુલપે હએ બુલબુલ સીફત શએદા હુવા
વો ગુલે ખુબી અજબ કાંટોમે હએ ઉલઝા હુવા
તનહા જો પાઊં પીયાકો રીઝાઊં
હમીરસિંહ—વાહ વાહ વાહ વાહ વાહ સલોને
(સાખી)
ગંગા—આહ જીસ ગુલફામકે ખાતીર યહાં ફેરા હુવા
હએ રકીએ રૂસાંચાહોને ઉસે ઘેરા હુવા
તનહા જો પાઊં પીયાકો રીઝાઊં
હમીરસિંહ—આ હા હા હા હા હા સલોને

અંક ૩ જો.

૫૩

નુરજહાં—ખતા કાહે ભૂલે રે નાદાન! ખતા કાહે ભુલેરે નાદાન!
કર લેજો ચાહે ફીર ફીર ના'વે પલ છીન ગની મત જાન—ખતા

૫૪

અજલગ—પેશે સરદાર રવમ, રાજ દીજદાર કુનમ,
સુ વફાદાર મનમ, મુજી ફીદાર કુનમ.
હાલા-મી-રદ-તમ-નીજ-દે-શાહ.

કુમ ન કુનમ ગમ ન કુનમ વાર મીકશમ ભારી
અર્મે શવમ પકબારી, જર મીસે સઓ સઓ બારી,
હમીરસિંહ દગાબાજ અઈયાર હસ્ત, જફાકાર મક્કાર ગદ્દાર હસ્ત—
મન ઉસ્કી જફાકારી રદ મીકુનમ, નમી દાનમ ઈંકારે બદ મીકુનમ—

૫૫

બાપુસાહેબ—પ્રાન પ્યારી સોહે જએસો ચંદર ગહન બીન
સીનગાર સજાયે અએસો ગુલ્ઝાર ગુલખાયે જએસો
ચમકત દમકત સન નન નન નન પ્રાન—
બરન બરન અવતાર દીખાયે, ગગન હુ જએસો ચંદ્ર સોહાયે,
હંસ ગામિની મસ્ત કામિની સંસાર લુભાયે જાપે,
ગુલઝાર ગુલખાયે વાપે,
ઓહો વોહ નાઝ વોહ અંદાઝ હાય હાય,
નીરાલી સજ ધજ અનોખી ચીતવન,
ગઝબ વોહ આંખે વોહ ચુલબુલાપન,
કુસમ ખુદાકી કે ઉસ સનમમે,
અજબ સરાપા ભરા હુએ જોબન—પ્રાન.

૫૬

રંભા—નહિ નહિ દુઃખી થાઓ સ્નેહ નાંખો ન ઠારી
શિવ શુભ તમ કરશે ભ્રાત કલ્યાણકારી
ધરી મન પ્રીતને લ્યો ગ્યામ રસ્તે ઉતારી
તજવી ન ધીર ભ્રાતા બ્હેન આ લ્યો સ્વીકારી

૫૭

હમીરસિંહ—હાયે કરૂં શું? ક્યાંરે ફરૂં હું? કોથી ડરૂં હુ સુઝે?
ના શું થાયે—હાયે.
અરણ્યે ભમું હું વિકળ કાં બનું હું? શું કોઇને નમું હું?
ના નામ લજાએ—હાયે.
એ શાહ કોણુ છે શું મને છેહ દે? શુ સુખે એ રહે? શું
એ હુંથી ખમાયે—હાયે

૫૮

લક્ષ્મીબાઇ—ક્યારે બેઠા છો હો સંતાઈ બાલુડા મારા—ક્યાં
વિલપે વનમાં ઘેલી માડી ત્વખુટી
આવે દયા નહીં કોઇ—બાલુડા

છોડી પિયુ સિધાર્યા તેં પણ છોડી
રવડું એકલડી પડી આંહી. બાલુડા
શીદ જીવાડે પ્રભુ શીદ રીબાવે
ઝેર હળાહળ દઇ પાઇ. બાલુડા

લક્ષ્મીબાઈ— ૫૯

ન બક નફટ લગાર
જાણી તારી છે મેં કપટ કળા નીકળ અહીંથી
બસજા ખસજા ચાલ ચાલ ચાલ
હાય કરી ખુવાર—ન બક
પ્રાણ હર્યો ખુની અબળા ઘાતક બાળથી હાય વિખુટી પાડી
મારૂં હું લાત કુજાત જા પાતકી ટળ ટળ તું આવાર-જા-તું

૬૦

સરદારજંગ—ખટપટ ભરીયાં ના કર બતીયાં
ઓ મન કઠન કાહે જરન મરન ચાહે
નીડર ન બન તન નજર સંભાળ–ખટપટ
તંગ કરત મરદક મોહેકા હરઘાત ઢાત
નીડર ડીંગ દીખાત જાત શમ છોડત
જંગ ભરી રીત દીખા દીની
અએસે સાજકી રંગત સંગત નીપટ નીખટ પરે ડાલ–ખટપટ

૬૧

અમરાય—હઉં નિવાજી મુજરાજ, ગોહિલનું તખ્ત તાજ,
કલાથી વિશેષ આજ, છે ન મુજ સુખ સાજ,
ધન ધામ કલાનાં જ, લે લઇ ભેટાડતાં જ—હઉં
કાઢે ચાળા અમથા જ, કે ધરે છે દુ:ખી દાઝ,
તોડે દુ:ખ દધી પાજ, કાઢે બહાર મુજ ઝહાજ !
ડોલાં ખાએ મધ્યમાં જ ! હારૂં હામ આવ્યો વાજ !
રાજ છે હિસાબે સાજ, પ્રાણ છે આ કલા કાજ—હઉં
રંભા—ગદ્દા મન ટોલ ગોલ મદ્દા મન બોલ ફોલ
ચદ્દા મન ચોર નોલ પ્રોમિસનો બોલ કોલ
ગદ્દા બોલ ચોલ મદ્દા

પ્રેમરાય—અગડમ બગડમ નહિ કુચ્છ સમજો
નૂરજહાં—બાતેં ન કરો હજાર, હએ જો તુમ્હે અએસા પ્યાર
કીજીએ કઓલસો કરાર, બચન હો એકબાર.
પ્રેમરાય—એવો શું વિચાર ધાર ? લે લે લે ૬૯

૬૨

પ્રેમરાય—મળી ઘેલી લાડીલી બસ
કલાવતી—ભાવે ભેટી લઉં હું લપેટી
પ્રેમરાય—પ્રાણુ પ્યારી વ્હાલી મારી દુઃખહારી સુખહારી—મળી.
નેણુ હલક આ જો.
કલાવતી—મલકે મુખ મદ ભર આ
પ્રેમરાય—છોડ છોડ
કલાવતી—વાહ વાહ
પ્રેમરાય—છકેલ છણુકારી—મળી

૬૩

ગંગા—તુ રંગીલો છેલ છબીલો—ભીમડા
ભીમો—વાહવા ગંગા વાહ, વાહ.
ગંગા—છબી તારી મન છવાઇ છે.
નાનુ—તેમાં તારી પુરી ભવાઇ છે;
ભીમો—કુરબાન કરૂં હું જાન તું પરે વાહ વાહ.
આફરીન છું હું જાન તું પરે વાહ વાહ.

૬૪

બાપુસાહેબ—યહાં આએગા. અંગ્રેજી લશ્કર
દુશ્મન બનકર આફત હમપર લાએગા—યહાં
આના જંગ મચાના ઉનકા રંગ નયા કુછ લાએગા
કલ ના પાએગા કલપાએગા રાજ લેકે તરસાએગા
અએસા ધબ્બા હમકો અબ્બા નીસદીન રન્જ દીખાએગા—યહાં

૬૫

પ્રેમરાય—રે પાપી નાદાન ચુપ ચુપ
ઘડી ઘડી પળ પળ આઠ પોહોર તું નહિ કર આ તોફાન
તજના સાન ઓ બેભાન—ચુપ.
ફીટ ફીટકાર હજાર હો તુજ પર, વફાદાર માલીકથી હુણુહરામ
નહિ કર આ તોફાન ધર ગુમાન ના અજ્ઞાન—ચુપ.

૬૬

કલાવતી—પ્રભુજી આપ્યોછે જનમ મુજ ઊંચા કુળ મહી !
દીધી તેં આધારે કુલીન સુવૈભવ જહી !
વિખુટી પાડી કાં દરશ દઈ પીયુ તણું તહી.
હવે શું સુકાશે નયન જલ ધારા મુજ નહી.

૬૭

માનુભા—જા દૂર દૂર કર નહિ ધર તું
લાગી લ્હાય લ્હાય લ્હાય લ્હાય જીવન દોરી તુંતે ઘાતકી તોડી
પ્રિત વછોડી—જા.
વ્યભિચારી નારી દીધો ફેંકી ચેહમાં,
કર્યું ધુળ જીવિત આ નરનું. લાગી

૬૮

કલાવતી—ભર જોબન મતવાલી ઠમકો જોયો રેં વાહ આલી—ભર
રંભા—છકી છેલ છબીલી નણદી વાહવા ભોળી બાળી.
કલાવતી—જાદુ મંત્રે મુજ વીર વશ કીધો ધુતારી-ઘેલી કાલી—ઠમકો
રંભા—લુચ્ચાના સરદાર ભાઈ તમ કરો છેડ આ ઠાલી.
કલાવતી—બેભાન જુરકી ભ્રકુટીએ બનાવી નયનોનાં બાણુ ઢાળી—ઠમકો

૬૯

વારાંગના—ગાઓ અજર અમર બલિહારી
લટકે મટકે આવો મોતીએ વધાવો સખી વ્હાલી મારી—અજર.
મણિમય આ મંડપ શો શોભે વૈરાગી મનડું પણ લોભે
શિર પર ધરશો મેહુલો વરસે આનંદ આજ
પ્રિય બાળરાજ પ્રતાપી તાજ સજે સુખ સાજ
અરિ મારી ઠારી—ગાઓ.

સમાપ્ત.